**<u>અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, અમદાવાદ.</u>**

**<u>ક્રિમી.કેસ. નં.૪૪૫૩૦/૨૦૧૭</u>**

**<u>આંક–૧ લગત હુકમ:–</u>**

---------------------------------------------------

**૧)** આ કામે આજરોજ લોકઅદાલતમાં ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને સદર કેસમાં કોઈ રસ નથી અને આરોપી સાથે સમાધાન કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી અને કેસ માંડવાળ કરવા માંગે છે, તેવું પુરસીસથી જાહેર કરેલ છે.

**૨)** આમ, સદર કામે ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. સદર કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૩૭૯ મુજબના ગુનાનું ચાર્જશીટ થયેલ છે. આરોપી હાજર નથી પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ કેસ માંડવાળ કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ ની જોગવાઈઓ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૫/૦૭/૨૦૧૬ ના સરકયુલર નં.સી.૨૬૧૯/૧૬ ને ધ્યાનમાં લેતા તેમજ ૨૦૦૮ ક્રિ.લો.જ. પેજ નં.૯૨૮ વાય.પી. બેજુ વિ. સ્ટેટ ઓફ કેરાલાનો ચુકાદો માનસહ ધ્યાને લેતા આ કામના આરોપીની ગેરહાજરીમાં પણ ફરીયાદી ગુનાની માંડવાળ કરી શકે છે. જેથી ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુ ક મ :::</u>**

(૧) આથી આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ નામ. કોર્ટે હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. તેમજ જો મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે યોગ્ય ઈન્કવાયરી કરી માલિકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તથા નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તા.૧૩ મી ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૩/૦૮/૨૦૨૨.
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ. **UID - GJ00687**